અપીલ અરજી નં.૪૨૪ તા.૨૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ત્રિવેદી મુરલીધર ઉદયલાલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ત્રિવેદી મુરલીધર ઉદયલાલની તા.૫–૨–૧૧ની અરજીથી ઉધના મગદલ્લા રોડ ઉપર આવેલ તુલસીનગર ઝુંપડપટ્ટીમાં હીન નં.૬૬૯, ૬૭૦ અને ૬૭૨ કોના નામે ફાળવેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૪/૨૦૧૦–૧૧

શ્રી ત્રિવેદી મુરલીધર ઉદયલાલની તા.૫–૨–૧૧ની અરજીથી ઉધના મગદલ્લા રોડ ઉપર આવેલ તુલસીનગર ઝુંપડપટ્ટીમાં હીન નં.૬૬૯, ૬૭૦ અને ૬૭૨ કોના નામે ફાળવેલ છે તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩ તા.૬–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતીની વિગત તથા તે પૈકી નારજગીની વિગત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૭૧૬ તા.૧૭–૨–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૧૬ તા.૧૭–૨–૧૧ થી " ઉધના મગદલ્લા રોડ તુલસીનગર ઝુંપડપટ્ટીમાં એચઆઈએન –૬૬૯,૬૭૦ તથા ૬૭૨ પર ઉધનાઝોન ખાતેથી આવાસ ફાળવવામાં આવેલ નથી. " તેવું જણાવેલ છે. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ માહિતી ન મળતા અરજદારે તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નિયત સમય અવધિમાં તા.૧૭–૨–૧૧ ના રોજ સદર માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારને માહિતીની નારાજગી અંગે અપીલ તબકકે આરટીઆઈ સેલ/૧૩ તા.૬–૪–૧૧ થી પત્ર પાઠવેલ છે પરંતુ અરજદાર તરફથી કોઈ નારાજગી અંગે વિગતો રજૂ કરેલ નથી. આમ અરજદારને નહીં મળેલી માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)........જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ત્રિવેદી મુરલીધર ઉદયલાલ,